ક્રમાંક:મઉમશબ/સ્ટોર/ 499
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી,જુનાસચિવાલય
ગાંધીનગર. તા.30 / 12 / 2019

## અખબારી યાદી :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આ અખબારી યાદીથી જણાવે છે કે. આજ તા.૩૦/૧૨/૨૦૧૯ના રોજ ઇલેક્ટ્રોનિક્સ મીડિયામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર પરીક્ષાની લખાયેલ તેમજ વણવપરાયેલ ઉતરવહી, સ્ટીકર, OMR શીટ અને અન્ય સાહિત્ય પીરાણા ડંમ્પીંગ સાઇટની નજીક આવેલ ગોડાઉનમાંથી મળી આવેલ છે વિદ્યાર્થીઓનુ ભવિષ્ય પસ્તીમાં જોવા મળ્યુ છે તેવા સમાચારો પ્રસિધ્ધ થયેલ છે.

ઉક્ત સમાચારો બાબતે સ્પષ્ટતા કરવાની કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષામાં વપરાતુ સાહિત્ય દરવર્ષે નિયત થયેલ એજન્સીને પસ્તી પલ્પીંગ માટે જાહેર પરીક્ષાના પરિણામના ત્રણ (૩) માસની મુદત પુરી થયેથી આપવામાં આવે છે. ઉપરોક્ત વપરાયેલ / વણવપરાયેલ નાશ કરવા પાત્ર સાહિત્ય બોર્ડ દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ એજન્સીને સુપ્રત કરવામાં આવેલ છે. ઉક્ત એજન્સી દ્વારા આ સાહિત્ય પેપર મીલમાં પલ્પીંગ માટે આપવાની જોગવાઇ છે. ઉક્ત એજન્સીએ ઉક્ત સામાન અત્રેની કચેરીએથી ઉપાડી લીધા બાદ તેઓના ગોડાઉનમાં જ તેના શોર્ટીંગ માટે રાખેલ છે અને ત્યાંથી પલ્પીંગ માટે મોકલવાનુ છે. ઉક્ત એજન્સીએ બોર્ડની કચેરીએથી તા.૨૦/૧૨/૨૦૧૯ના રોજ આ સાહિત્ય ઉપાડેલ છે. આ એજન્સીએ ઉક્ત સામાન પેટે રૂ.૪ લાખ તા.૧૯/૧૨/૨૦૧૯ના રોજ બોર્ડમાં જમા કરાવેલ છે.

આ તમામ સાહિત્ય અગાઉની પરીક્ષાનુ છે જે નિયમોસારની જોગવાઇ મુજબ નાશ કરવા પાત્ર હોઇ વિદ્યાર્થીની કારકીર્દીને અસરકર્તા નથી. જેની સંબંધિત તમામને નોંધ લેવા વિનંતી છે.

તા.૩૦/૧૨/૨૦૧૯
સ્થળ : ગાંધીનગર

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
ગાંધીનગર

E:\Store\Store-N\ટેન્ડર ફાઇલ\અખબારી રદીયો-પલ્પીંગ-2019.doc